# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર

**ACCREDITED GRADE "A" BY NAAC (CGPA 3.28)**

## માહિતી અને જનસંપર્ક વિભાગ

**Website : www.ayurveduniversity.edu.in Email : pro@ayurveduniversity.com ફોન : 0288-2556852**


**અખબારી યાદી નં.૪૬**

**વિષય:- "ત્રીજા આયુર્વેદ દિવસની ઉજવણી અંગે"**

આયુષ મંત્રાલય દ્વારા વર્ષ૨૦૧૬ થી ધન્વન્તરી જયંતિ (ધનતેરસ) ના દિવસને "આયુર્વેદ દિવસ" તરીકે જાહેર કરવામાં આવેલ. આ વર્ષે આયુર્વેદ દિવસ ૫મી નવેમ્બરના રોજ મનાવવામાં આવશે જેની વિષયવસ્તુ "જાહેર આરોગ્ય માટે આયુર્વેદ" છે. આ ઉજવણીની તડામાર તૈયારીઓ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીદ્વારા મા. કુલપતિ શ્રી વૈદ્ય સંજીવ ઓઝાના અધ્યક્ષ સ્થાને તથા ડાયરેક્ટરશ્રી પ્રો. અનુપ ઠાકર અને ઈ.કુલસચિવ શ્રી એચ.પી. ઝાલાના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલ છે. આ ઉજવણી નિમિતે જાહેર જનતના લાભાર્થે તથા આયુર્વેદ વિશે જનસામાન્યમાં જાગરૂકતા વધે તે માટે વિવિધ ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામં આવી રહ્યું છે આ કાર્યક્રમોમાં આરોગ્ય મેળો – આયુ એક્ષ્પો, સ્વાસ્થ્ય દોડ અને સ્વાસ્થ્ય સંબધીત જાહેર વ્યાખ્યાનો મુખ્યત્વે છે આ ઉજવણીમાં સામાજીક સંસ્થાઓ, વૈદ્ય સંગઠનો, કોલેજો વિગેરેને પણ કાર્યક્રમોનું આયોજન કરવા/ ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

આરોગ્ય મેળો આગામી તારીખ ૨૭ તથા ૨૮ ઓક્ટોબર ૨૦૧૮ ના રોજ ધન્વંતરી ગ્રાઉન્ડ મુકામે યોજાનાર છે જેમાં આયુર્વેદની વિવિધ સારવાર પધ્ધતિઓ જેવીકે પંચકર્મ, ક્ષારસુત્ર, ક્રિયાકલ્પ વિગેરે અંગેની સામાન્ય માહિતિ આપવી, આયુર્વેદીક ફાર્મસીઓના જુદા જુદા સ્ટોલ, તંદુરસ્ત જીવન માટે આવશ્યક આહાર-વિહાર, દિનચર્યા-ઋતુચર્યા વિશે જનસામાન્યને માહિતગાર કરવા તથા આયુર્વેદીક ઔષધીઓનું નિદર્શન તથા વિના મુલ્ય વિતરણ વિગેરે કાર્યક્રમો યોજવામાં આવશે

બીજો કાર્યક્રમ - દરેક આયુર્વેદીક કોલેજ દ્વારા જાહેર નિષ્ણાંત વ્યાખ્યાનો આયોજીત કરવામાં આવશે જેમાં "આયુર્વેદીક ઔષધીઓના ગુણધર્મો તથા ઉપયોગો", "આહાર વિજ્ઞાન", બાળકો-કિશોરો-સ્ત્રીઓ તથા વૃધ્ધો માટે આયુર્વેદ" વિગેરે વિષયો આવરી લેવામાં આવશે જામનગર મુકામે તા ૨૨.૧૦.૨૦૧૮ ના રોજ પી.એમ. મહેતા ઓડિટોરીયમ, આઈ.પી.જી.ટી એન્ડ આર. એ. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી માં સાંજના ૫:૦૦ કલાકે વ્યાખ્યાન જનસામાન્ય માટે આયોજીત કરેલ છે.

ત્રીજો કાર્યક્રમ - "સ્વાસ્થ્ય દોડ" નું આયોજન તા ૨૧.૧૦.૨૦૧૮ ના રોજ સવારના ૦૬:૩૦ કલાકે યુનિવર્સિટી મુખ્ય ગેટ, રીલાયન્સ મોલ સામેથી અંદાજીત ત્રણ કિલોમિટર સુધી કરવામાં આવશે

ઉપરોક્ત સર્વે કાર્યક્રમોમાં જનસામાન્યને ભાગ લેવા યુનિવર્સિટી પરીવાર તરફથી ભાવ ભર્યુ આમંત્રણ આપવામાં આવે છે

---

નં.આયુ/યુનિ/માહિતી/૨/૨૦૧૮-૧૯/ ૨૪૦૬ તારીખ:૧૭/૧૦/૨૦૧૮

પ્રતિ,

તંત્રીશ્રી/પ્રેસ પ્રતિનિધિશ્રી,

મહોદયશ્રી,

આપના સુપ્રસિદ્ધ અખબાર/ચેનલમાં જાહેર જનતાના લાભાર્થે બહોળી પ્રસિદ્ધિ મળે તે હેતુથી ઉપર્યુક્તઅખબારીયાદીને પ્રકાશિત/કરવા વિનંતી.

આભાર સહ,

આપની વિશ્વાસુ,

ઈ.માહિતી અને જનસંપર્ક અધિકારી

નકલ રવાના:

1. સર્વે પ્રેસપ્રતિનિધિશ્રીઓ તરફ....ઇમેઇલ દ્વારા
2. નાયબ માહિતી નિયામકશ્રી, લાલબંગલો, જામનગર (સમાચાર માધ્યમોને મોકલવાની વિનંતી સાથે)
3. સર્વે વિભાગીય વડાશ્રીઓ તરફ...ઇમેઇલ દ્વારા (આપના વિભાગમાં નોટીસબોર્ડમાં મૂકવાનીવિનંતી સૂચનાસાથે.)
   (૧) બોટાનિકલ ગાર્ડન (૨) પ્રેસ વિભાગ
4. પીપીએસ (આઇ.ટી) ટુ વીસી, કુલપતિશ્રી કાર્યાલય (વેબસાઇટ પર પ્રસારિત કરવાની સૂચનાસાથે)
5. તંત્રીશ્રી, ન્યૂઝલેટર, નિયામકશ્રી, આઈ.પી.જી.ટી એન્ડ આર. એ., જામનગર
6. તંત્રીશ્રી, ન્યૂઝફલેશ, આચાર્યશ્રી, આઇ.એ.પી.એસ , જામનગર
7. Shri H.P.Jhala,IQAC CO-Ordinator